વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૫ : અંક - ૨૩ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ડિસેમ્બર - ૬, ૨૦૧૬

# 'વાલીનો રેડિયો' હવે મહેસાણામાં ગુંજશે...

મહેસાણાના મૂળ ખેતમજૂર બહેનો હવે એક નવા નામ અને કામથી જિલ્લામાં ગુંજતા થશે. બહેનોનો સાદ જિલ્લાઓના ગામની બહેનો સુધી પહોંચશે ને એકબીજા સાથે સંવાદ કરશે. તા. ૧૭-૧૧-૨૦૧૬ના રોજ સામુદાયિક રેડિયો સ્ટેશન 'વાલીનો રેડિયો'નો શુભારંભ થયો. આ પ્રસંગે મહેસાણા જિલ્લાના કલેક્ટરશ્રી આલોક પાંડે અને ઓ.એન.જી.સી.ના એચ.આર. મેનેજેર બાસુસાહેબે પણ હાજરી આપી. 'વાલીનો રેડિયો'ની સાથે-સાથે વનલક્ષ્મી કુટિરનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

૧૯૮૧થી મહેસાણાના ગણેશપુરા ગામથી 'સેવા' સંગઠનનો આરંભ થયો હતો. શરુઆત નિર્ધમ ચુલાની કામગીરીથી થઈ હતી. તે સમયે મુખ્ય સમસ્યામાં ઘાસચારો, બળતણ અને રોજગારી હતી. પડતર જમીન વર્ષોથી પડતર જ પડી રહી હતી. બહેનોની રોજગારી માટે ૪ હેકટર જમીન જિલ્લાના કલેક્ટર, પંચાયત, મામલતદાર સાથે સંકલન કરી ૧૯૮૭માં ૩૦ વર્ષના ભાડાપટ્ટે લીધી. ગામની બહેનોએ આ પડતર જમીનને હરિયાળી બનાવવા માટે જાણે કમર કસી લીધી ને ભારે સંઘર્ષ પછી જમીનને ફળદ્રુપ બનાવી. એક સમયે સાવ ઉજ્જડ વેરાન જેવી લાગતી જમીન હાલ તો લીલીછમ્મ બની ગઈ છે, ને ઉપજાઉં પણ ખરી. આરંભે બહેનોએ રોપાઉછેરનું કામ કર્યું. બહેનોના આ સહિયારા અભિયાનમાંથી જ વનલક્ષ્મી સહકારી મંડળીની રચના થઈ. 'સેવા'ના પ્રમુખ કપીલાબહેને આ પ્રસંગે મહેસાણા જિલ્લાના આરંભ અને કામની આછેરી ઝલક આપી.

ખેતીમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે ખેતમજૂર બહેનોએ કૃષિ યુનિવર્સિટી જગુદણ, દાંતીવાડા અને ખેડા ખાતે તાલીમો લીધી. ખેતીને સીધી પર્યાવરણ સાથે જોડી બહેનોએ ગામ અને સમુદાયને સંગઠન, ખેતી અને પર્યાવરણની જાળવણીનો સંદેશ પહોંચાડ્યો.

આગેવાન બહેન વાલીબેને પોતાની રજૂઆતમાં જણાવ્યું કે, જેમ અમારા જીલ્લામાં આ વનલક્ષ્મી મંડળી છે તેમ બીજી શ્રમલક્ષ્મી દાયણ મંડળી પણ છે જેમાં અમે આરોગ્યલક્ષી કામગીરી કરીએ છીએ. મારી વાત કરું તો પહેલા મારે રહેવા ઘર પણ ન હતુ અને બાળકોને ભણાવવા જેટલા પૈસા પણ ન હતા પણ  હું આજે ૬૦ વર્ષની ઉંમરે પણ મારા કામ થકી માસિક ૧૦ હજાર જેટલી આવક મેળવી મારા ઘરનું ગુજરાન ચલાવી શકુ છું. આજે આ 'વાલીનો રેડિયો' આ નામ પણ મારા નામ પરથી રાખવામાં આવ્યું છે તેનું મને ગર્વ છે કે અમારા જિલ્લામાં 'સેવા'ના  પ્રતાપે એક વાલીબેન નહી પણ હજારો લાખો વાલીબેન પગભર બની છે.

મંડળીના સભાસદ જશીબહેન કહે, અમારે તે વળી અમારી રોજગારી કેવી એ જ ખબર નહોતી. દાડીએ જઈએ ને માંડ ૧૦-૧૫ રૂપિયા મળે. આ તો અમારી પોતાની જમીન મળી, અમારી મંડળી બની ને અમે જ અમારી જમીન ખેડવા માંડ્યા ઉપજ કરવા માંડ્યા એટલે પૈસા ભાળ્યા. સાચુ કહુ તો પહેલીવાર મેં જ્યારે મારા હાથમાં મારી કમાણીના ૧૦૦ રૂપિયા જોયા ત્યારે તો હું કાંઈ બોલી જ ના શકી ! મારાં હાથમાં ૧૦૦ની નોટ જોતી જ રહી ગઈ. આ તો અગાઉના દિવસની વાત કરું છું. આ તો અગાઉના દિવસની વાત કરું છું.

સભાસદ ગીતાબહેન કહે, અમે બાળકોના શિક્ષણનું મહત્ત્વ પણ સમજ્યા. બાળકો ભણશે તો આગળ આવશે તે વાત સમજાઇ ગઇ.

આગેવાનોના અનુભવ સાંભળ્યા બાદ ઓ.એન.જી.સી.ના એર.આર. મેનેજર શ્રી બાસુસાહેબે સહર્ષ જણાવ્યું કે 'સેવા'ના પ્રત્યક્ષ પ્રયત્નોના કારણે આજે આ બહેનોની રાજગારી વધી છે અને તમારી પાસે જે ધન છે તે પર્યાવરણ અને તેની જાળવણી માટે તમે જે મહેનત કરી છે તે માટે તમને સૌને ખાસ અભિનંદન., અને ભવિષ્યમાં જ્યારે પણ 'સેવા'ને અમારી મદદની જરૂર પડે તો અમે ચોક્કસથી બનતી મદદ કરીશું.

બાસુસાહેબના અભિવાદન બાદ મહેસાણાના કલેકટર શ્રી આલોકભાઇ પાંડેએ પણ મંડળીના સભાસદો અને આગેવાન બહેનોથી પ્રભાવિત થઇ તેમની સિધ્ધિઓ બદલ શુભકામના પાઠવી અને જણાવ્યું કે જ્યારે 'સેવા'માંથી બહેનો વારંવાર મને 'સેવા'માં આવવા આમંત્રણ આપતા મને મનમાં લાગતુ હતું કે આ લોકો કોઇ મિશન મંગલમ કે સુખી મંડળ જેવી કોઇ કામગીરી કરતા હશે એટલે હું તેમનું આમંત્રણ ખાસ ધ્યાન ઉપર લેતો ન હતો પણ જ્યારે છેલ્લે 'સેવા'માંથી વાલીનો રેડિયોના ઉદ્દ્ઘાટન માટે કાગળ આવ્યો અને બહેનો ખાસ રૂબરૂ પણ આમંત્રણ આપવા આવ્યા ત્યારે એકવાર તો આ 'સેવા'ના કાર્યક્રમમાં જવું જ જોઇએ અને આજે હું આવ્યો ત્યારે અહી આવીને મને ખૂબ આનંદ થયો. મેં આગેવાન બહેનો અને આ મંડળીના બહેનો પાસે જે તેમના સંઘર્ષ અને અનુભવ સાંભળ્યા ત્યારે મને થયું કે ખરેખર 'સેવા' બીજાઓ માટે દાખલારૂપ અને સુંદર કામગીરી કરી રહી છે. તમારે તો તમારી આવનાર પેઢીને પણ બતાવવું જોઇએ કે તમે કેવી પરિસ્થિતિમાં કામગીરી કરી અને કેટલા આત્મવિશ્વાસથી સતત મહેનત કરીને એક બંજર જમીનને હરિયાળીમાં ફેરવી દીધી. બીજુ કે મહિલાશક્તિ શું છે તે આપણને બધાને ખબર જ છે કારણ કે જ્યારે પુરુષ બધી જગ્યાએથી હારીને થાકી જાય છે ત્યારે તેને સ્ત્રીના સહયોગની જરૂર પડે છે જે બધા જાણે છે. તમારો સંઘર્ષ અને મહેનતના ફળ સ્વરૂપ આ ગામમાં એટલી હરિયાળી થઇ ગઇ જે દેખી શકાય છે.બીજું કે, હવે સમગ્ર દેશ સ્વદેશી અને પર્યાવરણના રક્ષણ તરફ વળ્યો છે જ્યારે તમે તો તે કામની શરૂઆત ઘણ વખતથી કરી દીધી છે જે માટે તમે ખરેખર અભિનંદન અને મારા તરફથી તમને જે પણ સહકાર જોઇશે તે હું આપવા ચોક્કસ પ્રયત્ન કરીશ અને ફરી ક્યારેક મારા કુટુંબીજનોને લઇને પણ અહી મંડળીની મુલાકતે આવીશ,

પ્રસંગ તો સામુદાયિક રેડિયો સ્ટેશન 'વાલીનો રેડિયો' અને વનલક્ષ્મી કુટિરનું ઉદ્દ્ઘાટનનો હતો પણ બહેનો 'સેવા'ની સાથે તો એક પછી એક સેવાઓ તો જોડાયેલી જ હોય. બહેનોના આ સંઘર્ષો, પડકાર અને સિધ્ધિઓથી જ 'વાલીનો રેડિયો' ગુંજતો રહેશે.

*- જીજ્ઞાસા, વીણા - મહેસાણા ટીમ*

❑

# ''હમ સબ એક હૈ''
## સહ અસ્તિત્વનો ઉત્સવ...

''સેવા'' અને એરબીએનબી કંપની સાથે મળીને ૨૪/૧૧/૨૦૧૬ ના રોજ સહી કરી કરાર કર્યા. Airbnbનું પુરું નામ હવા, બેડ અને બ્રેકફાસ્ટ છે. જેના નામનું સેવાકરણ થઇને 'હમ સબ એક હૈ' નામકરણ થયું. આ કંપની અમેરિકામાં ૨૦૦૮થી કાર્યરત છે. જેમ જેમ ટ્રેક્નોલોજી વધી રહી છે તેમ તેમ 'સેવા' અને શ્રમજીવી બહેનો પણ આગળ વધી છે. ટેકનોલોજી સાથે સૌપ્રથમ ગામડાંઓને જોડવા જરૂરી હતા તેથી હાલ પ્રાથમિક તબક્કે સુરેન્દ્રનગર, પાટણ અને મહેસાણા એમ ૩ જિલ્લાઓને સાંકળ્યા છે. જેથી આપણાં સભ્ય બહેનો ઓનલાઇન બીઝનેસથી કમાણી કરી શકે.

'હમ સબ એક હૈ' કાર્યક્રમમાં 'સેવા'ના જોડાણનો હેતુ એ છે કે, આપણાં સમાજમાં જો થોડુંક બહોળું સગવડવાળું ઘર હોય તો બીજાને જરૂર હોય તો ભાડે ઘર આપવાનું ચલણ છે અને ઘરનું ભાડુ મહિને લેતા હોય છે. તેમ આ કંપનીમાં જોડાઇને બહેનો આપણાં ત્યાં આવતા મહેમાનોને રહેવાની તેમજ જમવાની સગવડ પૂરી પાડે અને સાથે સાથે જો આપણાં વિસ્તાર અથવા ગામની ફરતે કોઇ જોવાલાયક સ્થળ હોય તે ફરવા માટે પણ સગવડ આપી એટલે કે કોઇની પાસે પોતાનું સાધન હોય કે ભાડે સાધન રાખતા હોય તો મહેમાનોને વાહનની સગવડ આપીને આવક મેળવી શકે છે. મહેમાન આવે ને તેમને ૧ મહિના માટે કે ૩,૬ કે ૧૨ મહિના માટે રૂમ ભાડે માંગે તો એ રીતે ભાડે આપી શકાય. 'સેવા'ની જે બહેનોને આમાં જોડાવવું હોય તે જોડાઇ શકે છે. આપણાં ગામનો, ઘરનો ઇતિહાસ બીજા દેશના લોકો જાણે, આપણી જગ્યાનો ઇતિહાસ જેમ કે આપણાં ગામમાં કોઇ ભક્ત થઇ ગયા હોય, જે-તે સાલમાં તે જાણે. આમ, આપણાં સાંસ્કૃતિક વારસાની વિગતો બીજા દેશના સાંસ્કૃતિક વારસાની વિગતોનું આદાન-પ્રદાન થાય જે સમાજ ઉપયોગી હોય તે પાર પાડવાનો તેમજ આ એક શ્રમજીવી બહેનોની આવકનો સ્રોત બની રહે તે છે. ઉપરાંત આવેલા મહેમાન ભલે બીજા દેશના હોય પણ આપણાંથી અલગ તો નથી જ. આપણી સાથે અનુબંધિત છે. આ જ ખરા અર્થમાં વૈશ્વિકરણ છે. આ જ સહઅસ્તિત્વ છે ને ? અને તેમને આના માટેની જરૂરી તાલીમ પણ આપવામાં આવશે, તેમજ કમસે કમ હિન્દી અને અંગ્રેજીના અમુક શબ્દો પણ શીખવા ખૂબ જરૂરી છે. આપણે ત્યાં જે મહેમાન આવશે તેમને આપણે 'સેવા'ની માહિતી પણ આપીશું.

''હમ સબ એક હૈ'' કાર્યક્રમની વિગતો આપતા રીમાબહેને જણાવતાં કહ્યું કે, આ કામથી આપણાં બહેનોને એક રીતે આવક પણ મળી રહેશે. આપણાં ઘણાં સભ્ય બહેનોના ઘરમાં આવી સગવડ મળી રહે તેમ છે. અને ગુજરાતની તો આગવી ખાસિયત છે. મહેમાનોને સાચવવા તે અને આપણી જે પરંપરા પણ છે અને આપણી જે રસમો છે તે સારી રીતે નિભાવીએ છીએ. અને આપણે તો અતિથિને દેવ માનીએ છીએ.

'સેવા'ના પ્રધાનમંત્રી જ્યોતિબહેને સેવાની વિસ્તારે વાત કરી.

એરબીએનબી કંપનીમાંથી માઇકઓર્જીલભાઇ, થાઓ, સૂર્યાબહેન અને નયનાબહેન હતા. નયનાબહેન પોતાનો પરિચય આપતા કહયું કે એશિયામાં અમારી કંપનીનું જોડાણ કરવાનું કામ સંભાળું છું. મને બહુ આનંદ થાય છે, ને આજનો દિવસ મારા માટે ખૂબ મહત્વનો છે કેમ કે આજે હું 'સેવા'માં આવી છું. 'સેવા'નું ઘણું નામ સાંભળ્યું છે ને આજના દિવસ દરમિયાન બહેનો સાથે વાત કરી તેમના જીવન અને કામ વિશે વધુ સારી રીતે જાણવાનો અને સમજવાનો મોકો મળ્યો છે. અમારી કંપની એશિયામાં બહેનોનું સશક્તિકરણ અને વિકાસ થાય તેના પર વધુ ભાર આપે છે. 'હમ સબ એક હૈ'નો મુખ્ય હેતુ પ્રવાસનને કેવી રીતે ખુલ્લુ કરવું, અથવા વિકેન્દ્રીકરણ કેવી રીતે કરવું તેમજ પ્રવાસન દ્વારા શહેર અને ગામડાંમાં રહેતા હોય અને ઘર નાના હોય તે છતા પણ દુનિયાના પ્રવાસીઓ માટે જાણકારી લઇ જઇ શકે અને અહીયા આવા બહેનોના ઘરોમાં પ્રવાસીઓ રહી શકે અને પ્રવાસન દ્વારા રોજગારી આપણાં સુધી પહોંચાડી શકે. ખાસ કરીને આ જોડાણથી આપણે સાથે રહીને પ્રવાસનને વ્યવસ્થિત રીતે રોજગારીમાં ફેરવી શકીએ. અને તેના માટે તાલીમની જરૂરી હશે તે પણ આપીશું જેથી બહેનોના ઘરો જે છે તે મહેમાનોને વધુ આકર્ષે અને સારી ગોઠવણ કરી શકે તે માટે તાલીમ આપીશું. આપણાં જોડાણથી નવા પ્રકારની રોજગારીને તકો કેવી રીતે ઊભી થાય તેવા પ્રયત્નો કરીશું. અને ઇન્ટરનેટ દ્વારા જોડાઇને બહેનોને એક નવી તક મળશે. તેથી હું બહું ખુશી અનુભવુ છું.

૧૭ વર્ષથી 'સેવા' સાથે જોડાયેલા મહેસાણા જિલ્લાના ખેતમજૂર માયાબહેન 'હમ સબ એક હૈ' સાથે થયેલ જોડાણનું મહત્વ સમજી ગયા છે. પોતાનો ઉત્સાહ બતાવતા કહે, આજે અમે 'હમ સબ એક હૈ'માં જોડાયા છીએ ને એના ભાગરૂપે મેં પણ મારું ઘર આપ્યું છે. 'સેવા' સાથે તો મને રોજગારી મળે જ છે, અને આ એક નવી રોજગારીની તક છે તેનાથી મારા ઘરનાને અને બીજા લોકોને પણ રોજી મળી રહેશે. અને વધુ લોકોને હું રોજગારી સાથે સાંકળી શકીશ. ગામડાંમાં શ્રમજીવી બહેનો ખેતરોમાં મજૂરી કરી રોજી મેળવે છે. અને 'હમ સબ એક હૈ' એક એવો સરસ કાર્યક્રમ છે, જે કોઇ ગામમાં કે બીજે ગમે ત્યાં મજૂરી કરતા હોય કે પછી મોટી હોટલોમાં મજૂરી મળી રહેશે પણ ઓળખ તો મજૂરની જ રહેશે, જ્યારે આ 'હમ સબ એક હૈ'માં તો પોતે જ માલિક ને પોતે જ મેનેજર બની શકશે.

મારાં જિલ્લામાં પ્રવાસન સ્થળ ઘણાં છે અને જિલ્લામાં ચાલતા કામની હું પૂરતી માહિતી આપીશ જેનાથી મહેમાનો માહિતગાર થશે જેથી મને અને મારા પરિવારને પણ નવું નવું જાણવા અને શીખવા મળશે.

'સેવા'ના પ્રમુખ કપિલાબહેને પોતાનો પરિચય આપતા જણાવ્યું કે હું એક ખેતમજુર અને ખળી કામદાર બહેન છું આણંદ જિલ્લાના રાસનોલ ગામમાં રહું છું. ૨૦ વર્ષથી સેવા સાથે જોડાઇ છું. આપણે 'હમ સબ એક હૈ' તે આપણાં બન્નેનું જોડાણ બહું સરસ રહેશે. કેમ કે 'હમ સબ એક હૈ'નું પણ કામ શ્રમજીવી બહેનો માટેનું જ છ્, એટલે સાથે મળીને કામ કરીશું તો જરૂર એ કામ સારું જ થશે. અમારો ધ્યેય એ જ છે કે બહેનોને વધુને વધુ રોજગારી સાથે જોડીએ. અને અમે પણ ખંતથી આ કામ કરીશું એના માટે અમે સૌ તૈયાર છીએ. 'સેવા' સંગઠનમાં અમે તો જોડાયેલા છીએ ને અમારી બીજી અને ત્રીજી પેઢી પણ જોડાઇ છે. અમે જે કામ કર્યુ તે અમે અમારી રીતે કર્યુ ને હવે અમારી બીજી-ત્રીજી પેઢી તો ટેક્નોલોજી સાથે જ કામ કરે છે. એટલે આમ જોવા જઇએ તો આપણે પણ હવે ટેકનોલોજી સાથે જ કામ કરવાનું છે એટલે એ આપણી સાથે કામ કરશે એટલે એમનો પણ સમાવેશ થઇ જશે. એટલે આપણે સાથે મળીને નિશ્ચિતતાથી એક સારું કામ કરી શકીશું.

ઘણાં સભ્યો કામની શોધમાં પોતાનું વતન છોડીને સ્થળાંતર કરતા રહે છે. ઘણી વખત કુદરતી આફતોને કારણે લોકો સ્થળાંતર કરતા હોય છે. એને કારણે લોકોને નુકશાન પણ ઘણું થાય છે, આવા લોકોના દીકરા દીકરીઓને પણ ઘણી તકલીફો થાય છે, ભણેલા હોવા છતા પણ નોકરીનું કાંઇ ઠેકાણું નથી પડતુ. આપણે આપણી સંસ્કૃતિને જાળવી રાખી અને સ્વદેશી નીતિ અપનાવીશું. આપણે સાથે મળીને કામ કરીશું તો આવા લોકોને રોજગારી સાથે ગોઠવી શકીશું. બીજુ કે અહી બહારથી ઘણાં મહેમાનો આવે છે તેમને આપણી આસપાસ ઘણી હોટલો છે ને ઘણું બધું છે પણ એમને ખબર નથી કે આપણે સંગઠનમાં રહી શું કામ કરી રહયાં છીએ. તો એક રીતે આપણાં કામની અલગ ઓળખ ઊભી થશે. આપણે સાથે કામ કરીશું તો ટેક્નોલોજીની સાથે રહીને કામ કરીશું તો કામ પણ સારું થશે એટલે આપણાં માટે આ એક તક છે એ આપણને મળી છે આપણે આપણાં ગામમાં રહીને પોતાના ઘરથી એક રીતે રોજગારી મેળવીશું. હિનાબહેન પોતાની સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરતાં જણાવ્યું.

- ૨૬ વરહ થઇ ગયા 'સેવા'માં જોડાયે આ લહેકાથી બોલતા પાટણ જિલ્લાના ગૌરીબહેન એમના ગામની વાત કરે છે. કે ગામમાં તો લોકો ઘરે બેઠા છે એ તો તકની વાટ જુએ છે. ને એમને આવી તક મળે તો એ પણ કાંઇક રળતા થાય. ગામમાં ઘણાં લોકો એવા છે તેમને કાઇ કામ નથી મળતું તો આવું કાઇ કામ મળે તો એમને પણ માનભેર રોટલો મળે. ઘરે બેઠા એમને બધી માહિતી મળશે અને નવી પેઢીને પણ એક રીતે કામ મળી રહેશે. મારા ઘરે પણ ઘણી મોટી જગ્યા છે એ અમારા બાપ-દાદાની છે. ને હું પણ મારું ઘર આવી રીતે આપીશ. અમારા ઘરે તો ભાડે આપીએ તોય કેટલું ભાડુ આવે ૧૨ મહિનાનું માંડ ૬૦૦/- કે ૭૦૦/- રૂપિયા આવે. ને આવી રોજગારી જો અમને મળશે તો એ લોકો ગામમાં ટકી શકશે. અને એમને પણ ઘરે બેઠા રોજગારી મળી રહેશે. અને આ મહેમાન ઉપરથી મને યાદ આવ્યું કે આ હિન્દી અને અંગ્રેજી તો શીખવું પડે. એક દી અમારાં ઘરે મહેમાન આવ્યા હતા. એમને તો પાણી જોઇતુ હતુ. તો એ કહે વોટર વોટર. ઘરે તો દીકરી હતી

ને એને તો એ સમજાયુ નય, તે હું ઘરે આવે ને મે સાંભળ્યું તો મે કીધું કે મુઇ એમને પાણી જોઇએ છે તો પાણી તો પા. એટલે 'સેવા'માં જોડાઇને બધા સાથે કામ કરતા થોડુ ઘણું તો મને પણ આવડી ગયું છે ને હવે વધારે શીખી લઇશ.

મારું તો આ સપનું હતુ કે આપણે પણ સુરેન્દ્રનગર જિલ્લાના ખારાઘોડામાં ઘણાં મહેમાનો આવે છે ને આવા લોકોને આપણો રહેવાની સગવડ પૂરી કરી શકીએ તો કેવું સારું. ને આજે આ સપનુ પુરું થયું. આપણે 'હમ સબ એક હૈ'માં જોડાઇને એક રીતે રોજી મેળવતા થઇશું. ખરેખર મને ખૂબ જ ગર્વ થાય છે કે અમે તો સાવ ગામડાંના તો પણ અમને તો પૂરું ગુજરાતી પણ બોલતા ન આવડે પણ સેવાની સાથે રહીને ઘણું શીખ્યા, જ્યારે અમારા ગામમાં એક કામ આવ્યું ત્યારે તે લોકો બધા હિન્દીભાષી હતા ને તેમની સાથે કામ કરતા અમારાં બહેનોને ગુજરાતીની સાથે સાથે હિન્દી બોલતા પણ થઇ ગયા. એક એ પણ ગર્વની વાત છે. એટલે અંગ્રેજીવાળા અમને મળ્યા નથી જો હવે અમને એવા લોકો પણ મળી જશે તો અમને અંગ્રેજી પણ આવડી જશે. ને જ્યારે નેપાળમાં અમે ગયા ત્યારે અમે જયાં રહયા હતાં ત્યાં અમે કોઇ હોટલમાં નહી પણ ત્યાં આપણાં જેવા બહેનો જે રહેતા હતા તેમના ઘરમાં અમે રહ્યા હતા. અને ત્યારે મેં મારા ખારાઘોડા સેન્ટર પર એવું વિચારેલું હતુ કે આપણે પણ મહેમાનોને રહેવાની સગવડ આપી શેકીએ. તે આજે સાચું થવા જઇ રહયું છે. ને મે પણ મારું ઘર આ વેબસાઇટ પર અપડેટ કરાવ્યું છે. અનિતાબહેનથી પણ વાત કર્યા વિના રહેવાયું નહીં.

અંતમાં રીમાબહેને જણાવ્યું કે આપણે ઘણી વૈશ્વિકરણની વાત કરીએ છીએ તો ખરું વૈશ્વિકરણ તો આને જ કહેવાય કે દુનિયાભરના લોકો એક સાથે આવે ને અરસ પરસથી આદાન પ્રદાન થાય એ પણ એક વૈશ્વિકરણનો ભાગ છે. નહી તો વૈશ્વિકરણમાં બહું આપણે બહારની દુનિયામાં જતા રહીએ ને આપણી પરંપરા અને આપણી જ રીત-રીવાજો છે તે ભુંસાઇ ના જાય એટલા માટે પણ આ પ્રોગ્રામ બહુ અગત્યનો છે. કે અન્યોને એકબીજા પાસેથી પરસ્પર શીખતા રહીએ અને આપણું પોતાનું જે આગવી પરંપરા છે તે આપણે જાળવી રાખીએ અને એમાથી રોજગારીની તકો પણ પૂરી કરીએ. એ આપણાં માટે ખાસ મહત્વનું છે.

આ ખરેખર ઉમદા પ્રયાસ છે. આ 'હમ સબ એક હૈ' વિશે લખતા મને પણ એક વિચાર આવ્યો કે આપણાં સમાજમાં જાતિવાદના મૂળિયા ગામડાંઓમાં પણ રહેલાં છે. આજે પણ જાતિ પ્રમાણે અલગ અલગ વાસ જોવા મળે છે. આ કાર્યક્રમમાં છેવાડાનાં બહેનોને જોડીને એમના ઘરોનો પણ ઉપયોગ કરીને જાતિવાદના મૂળિયા પણ ઓગાળી શકાય છે. સમગ્ર વિશ્વ ઐક્યની ભાવના આનાથી જ આવશે એવી ઉંડી આશા છે. લોક-લોક સાથે રહે અને ખાય-પીએ, હળે-ભળે એનાથી રૂડું બીજું શું વૈશ્વિક હોય ? અજાણ્યાને પોતાના કરીએ એ જ તો વૈશ્વિક છે ને ?

- *ગોમતી*

❑

# *''મહિલાઓના નેતૃત્વમાં સંપોષક અર્થતંત્રનું નિર્માણ''*
# *અમદાવાદમાં મળેલું અધિવેશન*

મહિલા સેવા સહકારી બેંક તથા ફ્રેન્ડઝ ઑફ વિમેન્સ વર્લ્ડ બેંકીંગ (FWWB) દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે ૨૫-૨૬ નવેમ્બર એમ બે દિવસની મહિલાઓના નેતૃત્વમાં સંપોષક અર્થતંત્રનું નિર્માણ (''બિલ્ડીંગ એન્ડ ઇકોનોમી ઑફ નર્ચરન્સ'') ઉપર કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું.

આ કોન્ફરન્સમાં દેશની વિવિધ સહકારી સંસ્થાઓ, સેલ્ફ હેલ્પ ગ્રુપ તથા તેના ફેડરેશન્સનું પ્રતિનિધિત્વ કરતી મહિલાઓએ ભાગ લીધો. દેશના ૯ રાજ્યોની આશરે ૧૦૦ કરતાં વધુ મહિલા આગેવાનોએ ભાગ લીધો. આ ઉપરાંત બેંકર્સ, સંશોધકો, અર્થશાસ્ત્રીઓ, લઘુવિત્ત સંસ્થાઓના પ્રતિનિધિઓ (માઇક્રોફાઇનાન્સ ઓર્ગેનાઇઝેશન) તથા મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટના અધ્યાપકોએ તેમના વિચારો રજૂ કર્યા હતા. આ કોન્ફરન્સની તૈયારીઓ છેલ્લાં એક વર્ષથી શરુ કરી હતી જેમાં દેશના જૂદા જૂદા ભાગમાં આ વિષય ઉપર ચર્ચા, કાર્યશાળાઓ કરવામાં આવી હતી, જેમાં સહકારી સંસ્થાઓ, સંશોધન સંસ્થાઓ, માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓ તથા તેના નેટવર્ક એસોસિએશન્સ, દેશના જાણીતા અર્થશાસ્ત્રીઓએ લંબાણમાં વિષયની ચર્ચા કરી હતી. અને ભવિષ્યમાં મહિલાઓના નેતૃત્વમાં સંપોષક અર્થતંત્રનું નિર્માણ કેવી રીતે થઇ શકે તેની વાત કરવામાં આવી હતી. આ કાર્યશાળાની ચર્ચાની ફળશ્રુતિ (સારાંશ)ના રૂપે રાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી ઈલાબહેને કોન્ફરન્સની શરુઆતમાં ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ અરે દસે દિશાઓમાંથી આવેલા બહેનો તથા ભાઇઓનું ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું હતું. કારણ કે બધા જ પ્રતિનિધિઓ અનેક શ્રમજીવી બહેનોનું પ્રતિનિધિત્વ કરે છે.

તેમણે કહ્યું કે, મેં મારી અનુબંધ ચોપડી જ્યારે લખી અને એમાં જ્યારે ૧૦૦ માઇલના મૂળભૂત સેવાઓની વાત કરી. જેમાં સ્વાસ્થ્ય, શિક્ષણ સાથે બેંકીંગ સેવાઓ (નાણાંકીય સેવાઓ)ને મૂળભૂત જરૂરિયાત જણાવી ત્યારે અનેક લોકોને આશ્ચર્ય થયું હતું. પણ, આજે જ્યારે આપણે મળીએ છીએ ત્યારે દુનિયામાં બેંકીંગ શ્રેત્રમાં ખળભળાટ છે અને તેમાં સતત ફેરફાર આવી રહ્યા છે એટલે અત્યારે જ્યારે આપણે મળી રહ્યા છીએ ત્યારે મહિલાઓનું અર્થતંત્રમાં નેતૃત્વ અને સંપોષક અર્થતંત્રની ચર્ચા ખૂબ જ યોગ્ય (Timely) છે. જરૂર છે. અને આપણી પાસે તો શ્રમજીવી બહેનોની સાથે બેંકીંગના અનુભવોનો ખજાનો છે. અને ખૂબ મોટી સંખ્યામાં બેંકીંગ, આર્થિક સેવાઓ લેનાર હોંશિયાર (brillient) છે.

અત્યારે મને ૧૯૭૪માં જ્યારે અમે સેવાબેંક બનાવી ત્યારનો સમય યાદ આવે છે. એ વખતે મુખ્ય ધ્યાન માઇક્રોપર્સન અર્થાત નાના માણસ ઉપર હતું. એ પછી ઘણાં સમય પછી માઇક્રોફાઇનાન્સ (લઘવિત્ત) બન્યું અને બચતથી શરુ થયેલ માઇક્રો ક્રેડીટ (ધિરાણ) ઉપર ધ્યાન આવ્યું અને પછી બીજી નાણાંકીય સેવાઓ ઉપર.

આજે ૪૨ વર્ષે ફરી સમય આવ્યો છે કે આપણે ફરી આપણાં નવા ચશ્મા પહેરી માઇક્રો ફાઇનાન્સને એના મૂળ તત્ત્વ, મૂળસ્વરૂપે જોવાની જરૂર છે. એનો સાચો હેતુ, એનું સાચું માળખું (form) સમજી હાલની વાસ્તવિક સચ્ચાઇ જોવાની જરૂર છે.

એને માટે અત્યારે સુધારીને આપણે જે ચશ્મા પહેરવાના છે તે સંપોષક અર્થતંત્ર નિર્માણ કરવાનું કામ કરવાનું છે. આપણો મૂળ હેતુ આપણે ફરીથી સ્પષ્ટ રીતે વિચારી અને અસરકારક પગલાં લેવાના છે. અત્યારે માઇક્રોફાઇનાન્સ ચળવળ ખાલી આર્થિક પ્રવૃત્તિ થઇ ગઇ છે અને એ ભૂલાઇ ગયું છે કે આની શરુઆત વિકાસના હેતુથી થઇ હતી. જેમાં મહિલાઓની ગરીબી અને ભૂખમરો દૂર કરવાનો મુખ્ય હેતુ હતો, જે શાંતિ લાવે અને આપણું આ વિઝન હજી બદલાયું નથી. જો કે અત્યારે આ વિઝન ધુંધળું થઇ ગયું છે અને એને જ આજે હું 'સંપોષક અર્થતંત્રનું નિર્માણ' કહું છું.

આપણાં બહેનોના કામનું ઉત્પાદક તથા ઉપભોક્તા બેઉનું અર્થતંત્ર સંપોષક અર્થતંત્ર છે. જેમાં સંપોષણ થઇ રહ્યું છે. તેમના સ્વાસ્થ્યનું, તેમના કામનું, તેમની કુશળતાનું, તેમના કુટુંબ તથા સમાજનું પણ સંપોષણ થાય. અને છેવટે ધરતી માતાનું. તે છે તો આપણે છીએ ખરું ને ?

ઈલાબહેનના બાદ ખુલ્લી ચર્ચામાં કહેવાયું કે, અત્યારે માઇક્રોફાઇનાન્સના ક્ષેત્રમાં મહિલાઓનું નેતૃત્વ છે, ગામની કક્ષાએ, જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ, રાષ્ટ્રીય તથા આંતરાષ્ટ્રીય કક્ષાએ ઘણી મોટી સંખ્યામાં મહિલાઓએ આગેવાની લીધી છે. તેમના કામથી-અનુભવથી ખૂબ શીખ્યા છીએ અને સફળતા પણ મેળવી છે. મહિલાઓ પાસે ''પૈસા'' ''મૂડી'' – ''આર્થિક સેવાઓ''નું બહુ જ શક્તિશાળી સાધન છે. આ શક્તિશાળી સાધન જે બહેનોના હાથમાં છે. તેનો ઉપયોગ આપણે મહિલાઓ કેવી રીતે વિચારીએ. ગરીબ, આર્થિક રીતે પ્રવૃત્ત મહિલાઓના ''સંપોષણ'' માટે કરીએ - ખાલી મહિલાઓ માટે જ નહીં પણ તેમના કુટુંબ, ગામ, દેશ અને દુનિયાના ''સંપોષણ'' માટે કરીએ ? ખાસ કરીને ગરીબ લોકોની પાયાની જરૂરિયાતો રોટી, કપડાં અને મકાન સંતોષાય. અત્યારે માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓ એસ.એચ.જી.ની જેટલી જોઇએ તેટલી સંખ્યામાં ખૂબ વધારો થયો છે. પણ, શું ગરીબ, ખેડૂત, ખેતમજૂરોના જીવનમાં હકારાત્મક અસર થઇ છે ? તેમના જીવન અને રોજગારીમાં જોઇએ તેટલો બદલાવ આવ્યો છે.

આ કોન્ફરન્સમાં આપણે સાથે મળીને વિચારવાનું છે કે ખાલી ધિરાણ આપવું પૂરતું નથી – આપણે ધિરાણ એવું આપીએ કે જે ધિરાણ લેનાર ગરીબ માટે સંપોષક હોય. એ જે વાતાવરણમાં રહે છે તે પણ સંપોષક હોય. તેમનું કુટુંબ, સમાજ તથા પર્યાવરણ સહિત કલ્યાણ તરફ વધે. માત્ર ''લોન'' આપવી પૂરતી નથી. લોનનો ઉપયોગ કેવી રીતે થયો તે જાણવું અવશ્યપણે જરૂરી છે. રોજગારી માટે તેમને બીજી જગ્યાએ ફરજીયાત સ્થળાંતરીત થવું પડે છે. તો શું આ લોન દ્વારા આ પરિસ્થિતિમાં સુધારો થયો છે ? આપણી લોન મળવા છતાંય ગામમાં ગરીબીનું સ્થળાંતર થતું હોય તો શું કારણ, શું ઉપાય તે પણ વિચારવું આપણું કામ છે. આપણે દરેક વ્યક્તિના જીવનચક્રને સમજવું પડશે. જીવનના કયા કાળે કઇ ઉંમરે તેમને કેવી નાણાંકીય સેવાની જરૂર ? ત્યારે તેમનો હાથ પણ આપણે ઝાલવો પડે.

અંતમાં આપણે ફરીથી / નવેસરથી વિચારવાની જરૂર છે. અર્થતંત્રમાં માનવીય દૃષ્ટિ લાવવાની જરૂર છે. બહેનો, ચાલો આપણે સાથે મળીને સંપોષક અર્થતંત્રનું નિર્માણ કરીએ. પહેલી બેઠક આમ વિચારોની આપ-લે પછી પૂરી થઇ.

સેવાબેંકના સૌપ્રથમ બૉર્ડ મેમ્બર શ્રી સાયરાબેન છીપાએ સેવાબેંકની શરુઆત કેવી રીતે કરી અને બહેનોએ નાની નાની રકમ ભેગી કરીને બેંકની મૂડી ઊભી કરી તેની વિગતવાર વાત કરી. કુટુંબમાં-સગામાં સંઘર્ષ કરી સેવા બેંકમાં જોડાયા, આગેવાન બન્યા અને બીજી બહેનોને 'સેવા'માં જોડાવા પ્રોત્સાહન આપ્યું તે સાંભળવું સૌને રસપ્રદ રહ્યું. જયશ્રીબહેને સેવાબેંકની શરુઆત કરનાર બહેનોની બહાદુરી-જોખમ લેવાની ક્ષમતાને બિરદાવી અને બહેનોના પરસ્પર વિશ્વાસથી જ સેવાબેંક બની અને વિકસી. ખાલી સેવાબેંક જ નહીં પૂરા દેશમાં માઇક્રોફાઇનાન્સ ચળવળ સફળ થવાનું મુખ્ય કારણ બહેનોની પ્રામાણિકતા તથા પરસ્પર વિશ્વાસ છે.

શ્રી વિજયાલક્ષ્મીબેન દાસ FFWBના ચીફ એક્સીક્યુટીવ ડાયરેક્ટરે જણાવ્યું કે, સેવાબેંક શરુ થયા પછી દેશના બીજા રાજ્યોમાંથી પણ સેવાબેંક જેવી સંસ્થાઓ બનાવવા માટે માંગ આવી. FFWBએ આવી સંસ્થાઓને નાણાંકીય મદદ આપી તે ઉપરાંત તાલીમો પણ આપી જ્યારે મોટી મોટી બેંકો આ સંસ્થાઓના વિશ્વાસ નહોતી મૂકતી ત્યારે FFWBએ તેમના ઉપર વિશ્વાસ મૂકી તેમને નાણાં ધિરાણ કર્યું. અત્યારે તો મોટી સંસ્થા બની છે, બે સંસ્થાઓ તો રેગ્યુલર બેંક બનીને કલકત્તા અને ભોપાલમાં ખડી છે.

મિહેલાબહેન વૉલ્શ women's world Banley (WWB)આંતરરાષ્ટ્રીય સંસ્થાના સ્થાપક તથા પ્રમુખ રૂબરૂ આવી ન શક્યા પણ તેમણે સંદેશો મોકલ્યો કે ગરીબ મહિલાઓને નાણાંકીય સેવાઓ આપનાર સંસ્થાઓએ એક થવાની જરૂર જણાઇ અને શ્રી. ઈલાબહેનના સહકારથી WWB દુનિયાના અનેક દેશની મહિલા સંસ્થાનું માળખું બનાવ્યું જે ખૂબ જ જરૂરી છે.

તેમણે શ્રી. ઈલાબહેનના કામની પ્રસંશા કરી અને મોટી મોટી નાણાંકીય સંસ્થાઓ બનાવવાને બદલે નાની વિકેન્દ્રિત સંસ્થાઓ બનવી જોઇએ તેવો સંદેશ આપ્યો તેવી વાત કરી.

શ્રી. રેનાનાબહેન ઝાબવાલાએ કહ્યું કે વિકેન્દ્રિત માળખું વધારે અસરકારક હોય છે. તેમણે ખાસ વાત એ કરી કે અત્યારે દરેક નાણાંકીય સંસ્થાએ કેટલા ટકા નફો થયો તે વાત કરે છે પણ જે કુટુંબો/બહેનો દ્વારા સંસ્થા નફો કરે છે તે કુટુંબ/બહેનોને કેટલું વળતર મળ્યું તેની વાત નથી કરતા તે થવી જોઇએ.

શ્રી. દેવકીબહેન જૈન કોન્ફરન્સમાં આવવાના હતા પણ નાદુરસ્ત તબીયતના કારણે આવી શક્યા નહીં પરંતું તેમણે લેખિત સંદેશો મોકલ્યો કે મહિલાઓના હસ્તે જે પૈસા વપરાય ને સંપોષક સમાજ ઘડતરમાં જ જવો જોઇએ તેવું આપણે સહું બહેનોને સમજવાનું છે.

૯ રાજ્યોમાંથી આવેલ બહેનો-ભાઇઓએ તેમના પોતાના અનુભવો, સંસ્થાનો હેતુ અને તેના કામકાજની વિગતવાર ચર્ચા કરી. ખાસ તેમણે તેમના વ્યક્તિગત સંઘર્ષની વાત કરી. સંસ્થાના અનુભવની વાત કરી પરંતું દરેકની વાતમાં તેમની દીર્ઘદૃષ્ટિ, નીડરતા, નેતૃત્વના ગુણો દેખાયા. તેમના વ્યક્તિગત વિકાસ, કુટુંબનો વિકાસ, સમાજનો વિકાસ, સંસ્થાનો વિકાસ અને સતત બીજાને મદદ કરવાની ભાવનાની વાત મોખરે રહી.

શ્રી. વિજયભાઇ મહાજન બેઝિક્સ નામની સંસ્થાના સ્થાપકે સમજાવ્યું કે આજના અર્થતંત્ર જેમાં નફાકારકતાને એક માત્ર હેતુ ગણે છે આના કારણે અસમાનતા ખૂબ જ વધી છે. આજના અર્થતંત્રમાં શરીરનું શોષણ થાય છે એટલે જ આપણે ''સંપોષક અર્થતંત્ર''ના નિર્માણની તરફેણ કરીએ છીએ. કારણ કે આ અર્થતંત્રમાં ''શોષણ''ની વાત કરવાની છે. શ્રી. ઈલાબહેને ઉમેર્યું કે પોષણ તો ખરું જ પણ તે પણ સંપોષણ. શ્રી. ઉષાબહેન થોરાટ – રીઝર્વબેંકના રિટાયર્ડ ડેપ્યુટી ગવર્નરે હાલના અર્થતંત્રમાં મૂળભૂત ખામી વિશે વાત કરતાં જણાવ્યું કે હાલ જે મુખ્ય પ્રશ્ન ક્લાઇમેટ ચેઇન્જનો છે તે ખૂબ જ ગંભીર છે. આના કારણે ખેતી ઉપર ખૂબ જ અસર થાય છે. અને ભવિષ્યમાં વધારે ને વધારે ખરાબ પરિસ્થિતિ ઊભી થવાનો ભય છે. તેમણે બાંગ્લાદેશમાં ક્લાઇમેટ ચેઇન્જના કારણે થયેલ અસર વિશે જણાવતા કહ્યું કે, ત્યાં ભયંકર પૂર વારંવાર આવવાથી ગ્રામીણ કુટુંબોને શહેરમાં જવાની ફરજ પડે છે અને તેના કારણે અસલામતી ઊભી થાય છે અને માતા-પિતા દીકરીઓને નાની ઉંમરે પરણાવી દે છે. આખરે તેમણે કહ્યું કે પર્યાવરણ સુધારવાની જરૂરને અગ્રીમતા આપવાની જરૂર છે.

શ્રી. ગિરીજાબહેન શ્રીનિવાસ સ્વયંસેવી જૂથ ક્ષેત્રના નિષ્ણાંત છે. તેમણે આપણાં દેશની આ ચળવળની ખૂબ પ્રશંસા કરી. સાથે-સાથે આ ચળવળની ખામીઓ વિશે પણ વાત કરી. તેમણે નવી નવી શોધો કરવી જોઇએ અને શક્તિવિકાસની જરૂરિયાત વિશે વાત કરી.

પ્રસીદાબહેન મધ્યપ્રદેશની માઇક્રોફાઇનાન્સ સંસ્થાના સ્થાપક છે. તેમણે મહિલાઓ માટેની શક્તિવિકાસ ખાસ કરીને બહારની દુનિયા સાથે વ્યવહાર શીખવાડવાની વાત કરી. ઘણી વખત બહેનોની મહેનતથી બનેલી સંસ્થાઓ મોટી થતા બીજાના હાથમાં જતી રહે છે. તો તે માટે મહિલાઓને ખાસ તાલીમ આપવી જરૂરી છે.

પ્રો. શ્રી રામ, આઇ.આઇ.એમ. બેંગ્લોર તેમણે ''અમદાવાદ મહિલાઓનું અર્થતંત્રનું કેન્દ્ર છે'' તે વિશે વાત કરતાં જણાવ્યું કે 'સેવા' સંસ્થાએ શ્રમજીવી મહિલાઓની જરૂરિયાતો સમજી બેંક જેમાં બચત, ધિરાણ, વીમો, પેન્શન જેવી સેવાઓ આપવાનું કામ કર્યું. FWWB દ્વારા દેશની અનેક સંસ્થાઓને નાણાંકીય જરૂરિયાત પૂરી કરી. નાણાંકીય શિક્ષણ પણ આવી સંકલીત સેવાઓ આપશે. આ બધી જ સંસ્થાઓ-નાણાંકીય સેવાઓ દેશમાં પહેલી શરુ થઇ.

કો.ઓપરેટીવ ક્ષેત્રમાં કામ કરે છે તે વાતને બિરદાવી.

અંતમાં શ્રી. બરખાબહેને સૌનો આભાર માન્યો.

*- જયશ્રી વ્યાસ, સેવાબેંક*

❑

# ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ, ગામડાંઓમાં પણ એની અસર વરતાય છે...

શહેરોમાં તો બંધ થયેલી ૫૦૦ અને ૧૦૦૦ની નોટની હાલાકિ વરતાય છે પણ ગામડાંઓ પણ એનાથી અછુતા નથી રહ્યા. ગામડાંઓમાં તો વધુ અસર થાય છે કારણકે બેંકો દૂર હોય, એટીએમ ઓછા હોય ને બહેનો સહેલાઈથી બેંક અને એટીએમ પહોંચી શકતા નથી.

હઠીપુરા ગામમાં ૮ નવેમ્બરે સાંજે ખબર પડી કે હવે આ નોટો નથી ચાલવાની તો ને એ જ દિવસે કાશીબહેનની લોન ઉપડી હતી. એવામાં આ નોટોના સમાચાર સાંભળ્યા તો આખી રાત ઉંઘીના શક્યા બહુ જ ચિંતામાં મૂકાયા. તેમની પાસે માહિતી અધૂરી હતી તે તો રાત્રે જ આગેવાન વાસંતીબહેનના ઘરે ગયા કે શું ખરેખર આ નોટો બંધ થઇ ગઇ ? શું કરીશું હવે ? સવારના પહોરમાં જ આગેવાનોના ફોન આવવા માડયાં કે હવે આ નોટ નથી ચાલવાની નોટ અંગે સમજ તો કેળવી પરંતુ છતાય બધાં જ બહેનો ચિંતામાં મૂકાઇ ગયા કે હવે શું થશે ?

નાણા ગામના કમળાબહેન મગનભાઇ માંડ માંડ રોજગારીમાં નિયમિતતા આવી અને રાટલા ભેગા થયા તો વળી પાછું આ શું ? રૂડીનો સામાન દર મહિને નિયમિત લેતા હતા. પરંતુ હવે તો નોટો ચાલશે નહી તો ખાશુ શું ? અને ક્યાંથી બહેનોને પૈસા ચૂકવીશું, અમારી રોજગારી પણ બંધ થઇ જશે કેટલી જગ્યાએ ઉધારી કરીશું ?

એ જ ગામના મંગુબહેન કહે છે કે દાડી કરવા જઇએ ત્યાં પણ, પૈસા મળતા નથી. શેઠીયાઓ કહે છે પૈસાને બદલે દૂધ, છાશ, શાકભાજી કે અનાજ લઇ જાઓ પણ હવે મરચું, હળદર, ક્યાંથી લાવવાના ? શાકભાજી તો મળે પણ પૈસા વગર મસાલા અને તેલ વગર રોટલા શેમા ખાવાના ?

નાણા ગામના જ ડાહીબહેન વાળંદ કહે છે કે અમારા ઘરમાં વાળંનો ધંધો છે આ નોટોનું ચાલુ થયું ત્યારથી અમારો ધંધો બંધ થઇ ગયો છે. હું 'સેવા'માં રૂડીબેન છું, પણ મારી પાસેથી બધાં પહેલા ૩૦૦/- રૂપિયાની કીટ લેતા હતા હવે તો બહેનો રૂડીનો સામાન ૧૦૦/- રૂ.નો માંગે એમાયે ૫૦૦/-ની નોટ લઇને આવે તો માટે એમને છુટ્ટા ક્યાંથી અપવાના એટલે મારી આવક પણ બંધ થઇ ગઇ છે હાલમાં રોજીંદુ ઘરમાં ખાવામાં જ બહુ તકલીફ પડે છે. પછી બીજા વ્યવહારો તો ક્યાંથી સચવાય.

બાબુબહેન શકરાભાઇ પ્રજાપતિ ૭૦ વર્ષના છે તેઓ કહે છે કે સરકારનો નિર્ણય સારો છે પણ અમારા જેવા ગરીબોની પરિસ્થિતિનો વિચાર કરીને નિર્ણય કરે તો વધારે સારૂ નોટોમાં જે બદલાવ આવ્યો એમા અમારી તો રોજી છીનવાઇ. ઘરમાં કોઇ કમાવાવાળુ ના હોય રોજ-રોજ દાડી મજુરી કરીને બે પૈસા બચાવ્યા હોય હવે હું આ ઉંમરે ક્યાં બદલાવા જાવું. મેં તો નોટો બદલવાનું

પહેલી વાર સાંભળ્યું મારે તો ઘરમાં પશુપાલન પણ નથી તો સવારે ઉઠીને ચા પીવા માટે ફાંફા મારવા પડે છે.

રહીયોલ ગામના આરતીબહેન રાઠોડ કહે છે અમારા ગામમાં કરિયાણાની દુકાનવાળાએ આ નોટો લેવાનું બંધ જ કર્યુ છે. હાથમાં ૫૦૦/-ની નોટ હોય તો સામાન આપવાની જ ના પાડે છે, ઉધારમાં પણ સામાન આપતા નથી. શાકભાજીવાળા પણ છુટ્ટા માંગે, એટલે હવે તો ઘરમાં મકાઇ પડી છે તે અને ગામમાંથી છાશ મળે તે લાવીને છાશ રોટલો ખાઇએ છીએ. અઠવાડિયામાં બે ત્રણ દિવસ શાકભાજી ખાતા હતા, તે પણ હવે બંધ થઇ ગયું છે.

તખતપુર ગામના દક્ષાબહેન કહે છે બેંકમાં સમજ પડે નહી. ગામમાં બેંક નથી. એ.ટી.એમ.માં પૈસા ઉપાડવા માટે જાઉ પડે આખો દિવસ લાઇનમાં ઉભા રહીએ નંબર આવે ત્યાં બેંકમાં નોટો ખલાસ થઇ જાય બે હજાર રૂપિયા લેવામાં ત્રણથી ચાર દિવસ લાઇનમાં ઉભા રહીએ એટલે રોજગારીની સાથે સાથે આખો દિવસ એમા જાય. એટલે એ દિવસે અમે મજૂરી ના જઇ શકીએ ખાવાનું શું ?

હંસબહેન કહે છે થોડુ ઘણુ અનાજ વેચ્યુ તો હવે માર્કેયાર્ડમાંથી કહે છે કે પૈસા ખાતામાં જમા થશે. પૈસાની જરૂર માટે તાત્કાલિક અનાજ વેચવાનું નક્કી કર્યુ. એને પણ બે અઠવાડિયા થયા પણ હજુ ખાતામાં પૈસા જમા થયા નથી. દીકરાની વહુનો ખોળો ભરાવવાનો હતો આપણાં પૈસા છતાય તે મેળવવામાં તકલીફ પડે છે આ કેવો નિર્ણય ?

ધીરપુર ગામના મંજુલાબહેન લોન લઇને પશુ પાલન શરૂ કર્યુ. પરંતુ ત્રણ-ત્રણ અઠવાડિયામાં અમને એક પણ વાર ડેરીમાંથી રૂપિયો મળ્યો નથી અમે પોતે શું ખાઇએ એ તો પ્રશ્ન છે. પરંતુ પશુઓનું લાલન-પાલન કઇ રીતે કરવું પશુઓને અમે ખાણ-દાણ પણ નથી ખવડાવી શકતા. મારા ગામમાં સેવા દ્વારા ત્રણ બચત મંડળમાં અમે ૩૦ બહેનોએ લોન લીધી છે. અને પશુ ખરીદયા છે. અમારું નિયમિત અમે સારી રીતે ભરણ પોષણ કરતા હતા પરંતુ અત્યારે અમને નોટોમાં બદલાવ આવવવાથી બહું જ તકલીફ પડે છે. અમે પહેલા દર મહિને ૧૦ કિલો ખાવા માટેનો સામાન લેતા હતા અત્યારે એવા દિવસો આવ્યા છે કે અમારે ૫૦ ગ્રામ ચા-ખાંડ લેવાનું પણ અઘરું પડી ગયું છે. ગામમાં બેંક નથી કે અમારા પૈસા અમને તાત્કાલિક મળી જાય ડેરીના મંત્રીને પણ વારંવાર રજૂઆત કરી તો તે પણ કહે છે આગળથી પૈસા આવ્યા જ નથી હું કઇ રીતે તમારું પેમેન્ટ કરું.

અદાના છાપરાના સુશીલાબહેન કહે છે આ નોટોના બદલાવાથી તો અમારૂ જાણે રોજિંદુ જીવન અટકી ગયું છે. ‘સેવા’ થકી અમારા જિલ્લામાં ખેડૂમંડળ છે તો અમે ખાતર બિયારણ પણ લઇ શક્યા નહી તો અત્યારે ખરી ખેતીની સિઝન છે અત્યારે ઘઉંનું બિયારણ જોઇએ ખાતર પણ જોઇએ તો એ ક્યાંથી લાવવાનું આ સિઝન અમે ના સાચવીએ તો અમારા ખેતીના છ મહિના ફેલ જાય અને અમારા ઘરમાં અનાજ ખાવાના પણ ફાંફા પડી જાય અને આ પ્રશ્ન મારો ચેકનો નથી પરંન્તુ સંગઠનમાં ખેતી કરતા જેટલા બહેનો જોડાયેલા છે તે દરેકને આ પ્રશ્ન બહુ જ મુંઝવે છે.

લાલીબહેન રમણભાઇ રાઠોડ, મોટા ખેડૂતોને ત્યાં દાડી કરવા જઇએ ત્યાંથી ઘઉં આપ્યા પણ તે ઘંટીમાં દળાવવાના યે અમારી પાસે પૈસા નથી ઘંટીવાળા પણ ઉધાર દળી આપવાનું ના પાડે છે. ઘરમાં બટાકા લાવેલા હતા તેનું શાક બનાવ્યું અને બપોરે જે ચા બનાવતા હતા તે પીવાની બંધ કરી છે ઘરમાં ૧૦ માણસો ખાનાર હોય અને દરેકને અત્યારે રોજી ઉપર અસર થઇ હોય તો આટલા બધા માટે ચા-ખાંડાના છુટ્ટા પૈસા વગર કેવી રીતે લાવવાના.

જયાબહેન લાખાભાઇ પગી સેવામાં સંગઠનમાં રૂડીબહેન છું. મારો છોકરો કારખાનામાં જાય છે. અને એ દિવાળી વખતે એને બોનસ મળ્યું હતુ તે સાચવીને રાખ્યું હતું, તે ૫૦૦૦/- રૂ. એ બધીય ૫૦૦/- અને ૧૦૦૦/- રૂ.ની નોટો હતી. ત્રણ ચાર દિવસ બેંકમાં ધક્કા ખાધા લાઇનમાં ઉભા રહયાં પરંતુ હજુ આ નોટો બદલી નથી બેંકમાં કેશ પૂરી જ થઇ જાય છે. ખરેખર મારા દીકરાને પૈસાની જરૂર હતી તો તે ના મળ્યા અને લાઇનમાં ઉભા રહેવાથી કારખાનામાં તેનો રોજ પણ પડયો એટલે આ બધું ગરીબોને વધારે સહન કરવું પડે છે.

લક્ષ્મીબહેન ચમાર છૂટક મજુરી કરવા જાય છે. તેમના પતિ ગુજરી ગયા છે. બે નાના બાળકો છે. હું પશુ-પાલન તો નથી કરતી પણ સવારે છોકરાઓને નિશાળ જતા પહેલા ચા બનાવી આપુ પણ છેલ્લા અઠવાડિયાથી તો હું ચા પણ મારા બાળકોને નથી પીવડાવી શકતી, કારણ કે રોજ-રોજ તો દૂધ કોણ આપે, અત્યારે મને રોજ મજૂરી મળતી નથી અને દાડીમાં રોજની જગ્યાએ અનાજ આપે છે પણ પૈસા તો જોઇએ ને ઘણુ બધુ સહન કરવું પડે છે. અમારા ગામમાં રૂડીના ધૂળીબહેન છે એ પણ હવે ઉધાર આપતા નથી.

દુકાનદારોને પણ બહુ જ તકીફ પડે છે એમનુ કહેવું છે કે અમે ધંધો પણ ચાલતો નથી અમે આ નોટો લઇને પૈસા ક્યા ભરીશું. ગામમાં કેટલા-કેટલાને ઉધાર આપીએ તેમા પણ નીચલા વર્ગને તો કોઇપણ મદદ કરવા તૈયાર નથી. ખાસ કરીને ગામોમાં અત્યારે ખેતીને લગતી સિઝન તેમજ સમાજિક પ્રસંગો છે તેમા પણ બહેનોને રોજીંદા વ્યવહારમાં બહુ જ તકલીફ પડે છે.

- ***નૈમિષા***

❑

# *સેવાની પાટે*

***દારૂના અડ્ડા બંધ થઈ ગયા, માનશો ?***

સેવાની પાટે આજે સુભદ્રાબહેન, શારદાબહેન, મંજુલાબહેન, સવિતાબહેન, પાર્વતીબહેન, જોહરાબહેન, મીનાબહેન, કમળાબહેન અને મધુબહેન બેસીને કોઇ ગંભીર ચર્ચામાં પડેલાં હતાં. હું ચૂપચાપ ત્યાં જઇને ઉભી રહી... ચર્ચા હતી ૫૦૦-૧૦૦૦ની નોટની...

અરે, દારૂના અડ્ડા બંધ થઇ ગયા.. સુભદ્રાબહેને ખબર

‘ANASOOYA’ R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2015-17
Issued by S.S.P. Valid up to 31-12-2017.

Ahmedabad P.S.O.
6-12-2016

આપી. તે થાય જ ને ? ક્યાંથી લાવે પૈસા? હાશ.. આ સહુથી સારી ખબર સુબ્બુ તે આપી...

રમીલાબહેને ચર્ચામાં ઝૂકાવતાં નિરાંતવા મોઢા સાથે કહયું.

પણ ખબર છે, આ ચિકનગુનિયાની માંદગી કેવી ફાટી છે! દવાખાનાવાળાં તો આ નોટ લેતાં જ નથી. અધુરામાં પુરું ઝેરી મેલેરિયા ય છે. મારા ઘરેથી જ આ માંદગીથી હોસ્પિટલમાં દાખલ તે જ રાત્રે કર્યા જે રાત્રેથી નોટ બંધ થઇ. ચાર દિવસ વલખાં માર્યા જૂની નોટ વટાવીને નવી નોટ લેવા માટે ચોથા દિવસે ૨૦૦૦ રૂ.ની નોટ મળી! મંજુલાબહેને રેવાબહેન-વેચનારની કહાની શરૂ કરી કે, હાઉસિંગબોર્ડમાં નામ લાગ્યું'તું રેવાબહેને મકાન માટે ૪૦૦૦ રૂ. ભેગા કર્યા. દિવાળીમાં મૂડીમાં વાપર્યા અને પાછી મૂડી ભેગી કરી હાઉસિંગમાં ભરવા આ નોટોની ખબર પડી તો હાયકારો લાગ્યે કે મારા ૪૦૦૦ નોં શું? અને તારીખ તો આવી ગઈ... તો લે, આ ફેક્ટરીઓમાં રજાઓ આપે છે. પૈસા અટવાઇ ગયાં છે. ૨૦ કારીગરના ૨ કારીગર થઇ ગયાં છે ! આમાનું એક કારીગર તો ડુંગળી-બટાકા ટેમ્પો કરી વેચે છે. મોટું કુટુંબ છે તે ઉછીનાં લેવા પડે. પણ આમાં ઉછીનાં કોણ આપે? વસ્તુઓ ઉતારી-ઉતારીને ગિરવે મૂકવા માંડયા છે.

હાથ દઇને ભારપૂર્વક બોલી..

મારી વાત તો સાંભળો...

રાજીબહેન ઠાવકા થઇને બોલ્યાં... આ કાગળ-કચરો વિણનારા ને તો કબાડીવાળાએ તો અડધા ભાવ કરી દીધાં છે. પાછાં મીણીયા-રમકડાં-ધોળાં લેટર નથી લેતાં! ૧૦ દિવસથી પૈસા નથી આપ્યાં. ચિઠ્ઠી લખીને આપે છે..

સંતોકબહેન કહે કે, તે આ ચિઠ્ઠી ઓ જ બની ગઇને આપણી ‘નોટો’..

બાપુનગરમાં એક કુટુંબ તો ગરીબ છ, રોજ કમાઇને રોજ ખાનારા. એમની પાસે હતી ૫૦૦ ની નોટ. કોઇ લે નહી ને ! આ ભાઇ તો હાથ જોડે કરિયાણાવાળા ને પણ એ  ટસ નો મસ ના થાય.. બીજાં ઘરોમાં છૂટા માંગે કોઇ આપે ? અમે બધાંએ થોડા-થોડા છુટ્ટા રૂપિયા એકઠા કર્યા ને સીધું લીધું ને ખાવા પામ્યા..

જોહરાબહેન દુઃખથી બોલ્યા.

અમારે માથોડામાં તો દુકાનનો ખૂલે ને બંધ થાય. ફફડાટ છે રેડનો.. ૧૦૦ પાર્સલ ના ૧૦-૨૦ પાર્સલ સિવાય છે. શોભાબહેને કહયું તે, બજારો બંધ તો કાગળ ના મળે- ખાવું શું? મંજુલાબહેન કાગળ વિણનારા બોલ્યા. અમુક કુટુંબોને ૨-૩ દિવસ શાક-પુરી આપ્યાં.

તે અમારે પ્લાસ્ટીકના દાણા પાડવાની ફેક્ટરીમાં તો પગાર જ ન કર્યા શેઠિયાએ.. બધાએ બહુ કર્યુ તો મોડા-મોડા ૧૦૦૦-૨૦૦૦ રૂપિયા કર્યા..

અરે, આ સ્થળાંતરીત કડિયા કામવાળા તો ભાગી છે મધુબહેન ધીમું ધીમું ગણ ગણ્યા..

ત્યાં તો પ્રાર્થનાની ઘંટડી વાગીને.. બધ ભારે હદયે મન હળવું કરવાં સેવાચોક તરફ વળ્યાં..

*-મનાલી*

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org  Email : mail@anasooya.org, sewaacdy@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-12-2016**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧